Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ફાગણ

પુસ્તક ૭૫ મું
અંક ૫
૧૦ મી માર્ચ

વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫
ઈ. સ. ૧૯૫૯

अच्चेइ कालो तूरन्ति राइओ,
न यावि भोगा पुरिसाण निच्चा।
उविच्च भोगा पुरिसं चयन्ति,
दुमं जहा खीणफलं व पक्खी॥

संबुज्झह ! किं न बुज्झह !
संबोही खलु पेच्च दुल्लहा।
नो हूवणमंति राइओ,
नो सुलभं पुणरावि जीवियं॥

સમય ધસારાબંધ વહ્યો જાય છે, રાત્રીઓ પણ એક-એક કરીને વીતી રહી છે, ધ્યાનમાં રાખો કે મનુષ્યોએ મેળવેલા આ કામભોગોય કાયમ રહેનારા નથી, જે વૃક્ષ ઉપર ફળો ન હોય તેવા વૃક્ષને જેમ પક્ષીઓ તજી દે છે તેમ જ આ કામભોગો ક્ષીણશક્તિવાળા મનુષ્યની પાસે આવીને પણ તેને તજી દે છે.

સમજો, આટલું પણ કેમ સમજતા નથી કે ભવાંતરમાં સમ્યગ્ જ્ઞાન મળવું ખરેખર અત્યંત દુર્લભ છે. પસાર થઈ ગયેલી રાત્રિઓ કદી પાછી ફરતી નથી તેવી રીતે માનવ-જીવન પણ ફરી-ફરીને સુલભ નથી.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | श्री शान्तिनाथ भगवानका स्तवन .... | .... ( તેજપાલ લક્ષ્મીચંદજી ) | ૪૯ |
| ૨ | વિવિધતામાં એકતા .... | .... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૫૦ |
| ૩ | અધૂરું સ્વપ્ન .... | ....( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૫૧ |
| ૪ | કીર્તિ અને સેવાનો વિરોધ | .... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૫૩ |
| ૫ | અન્તરાજનું રેખાદર્શન | ....( શ્રી હીરાલાલ ર. કાપડીયા M. A. ) | ૫૬ |
| ૬ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક : ૨૦ .... | ( અનુ૦ આ. શ્રી વિજયમહેંદ્રસૂરિજી ) | ૫૯ |
| ૭ | आनन्दघनजी के तीन नवीन प्राप्त पद | .... ( શ્રી અગરચંદજી નાહટા ) | ૬૧ |
| ૮ | જિનદર્શનની તૃષા : ૧૩ | .... ( શ્રી ભગવાનભાઈ મનઃસુખભાઈ મહેતા ) | ૬૩ |
| ૯ | પુસ્તકોની પહોંચ .... | .... .... .... .... ટા. પેજ | ૪ |


### ખેદકારક સ્વર્ગવાસ

#### શ્રી નરોત્તમદાસ શામજીભાઈ

મૂળ ભાવનગરના વતની, પણ ધંધાર્થે મુંબઈ વસતા શ્રી નરોત્તમદાસ શામજીભાઈ મહા વદ ૪ ને ગુરુવારના રોજ સાઠ વર્ષની ઉંમરે મુંબઈખાતે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ ધાર્મિક વૃત્તિવાળા અને ભદ્રિક સ્વભાવના હતા. ધાર્મિક પ્રસંગોમાં પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો તેઓ સદ્‌વ્યય અવારનવાર કરતા હતા. આપણી સભાના વર્ષોથી લાઇફ મેમ્બર હતા તેમજ સભાના કાર્યોમાં હાર્દિક સહકાર આપતા હતા. અમે સ્વર્ગસ્થના આત્માની શાન્તિ ઇચ્છી, તેમના આપ્તજનો પર આવી પડેલ આપત્તિ પ્રત્યે દિલસોજી દર્શાવીએ છીએ


## પ્રભાવિક પુરૂષો :: ભાગ ત્રીજો

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રીયુત ચોકસીની સર્વેને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્‌ભૂત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૫ મું<br>અંક ૫ | ફાગણ | વીર સં. ૨૪૮૫<br>વિ. સં. ૨૦૧૫ |
|---|---|---|

## श्री शाँतिनाथ भगवान का स्तवन

प्रभु शाँति शाँति शाँति, तोरी अद्‌भुत सोहे कान्ती
भवी भेटीया भवदुःख जाय ॥ टेर ॥
विश्वसेन अचिराजी के नँदा, दर्शन किया दुख जाय ॥ १ ॥
जन्मसमय प्रभु मरकी निवारी
पारेवा की जान बचाई, दीधो है अभय दान ॥ २ ॥
मृग लंच्छन सोलमा जिनेन्द्रा
चक्री पांचमा हो सुखकंदा, प्रभु नाम सदा सुखकार ॥ ३ ॥
अजितशाँति में तोरा गुण गाया
नंदीसेन मुनिराया, भवि अजितशाँति अर्थ मनमें धारणा ॥ ४ ॥
मैं चोरासी लक्ष योनी में भ्रमोयों
मुझ अनाथ को नाथ तूं मिलियो, भवजल पार उतार ॥ ५ ॥
शान्ति प्रभु शान्ति के दाता
ध्यावे सोही पावे सुखसाता, तुम हो शान्ति तणा भँडार ॥ ६ ॥
समदृष्टि है प्रभु नाम तुम्हारो
लक्ष्मीचन्द दुखिया को तारो, अपनो विरुद विचार ॥ ७ ॥

—तेजराज लक्ष्मीचंदजी–जेतारन

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવિધ-તામાં એકતા

નાદબ્રહ્મ સ્વર સાત રહ્યા છે ભિન્ન ભિન્ન નિજ રૂપ ધરે,
ષડ્જ ઋષભ ગાંધાર મધ્યમા પંચમ ધૈવત ભાવ ભરે;
નિષાદ મળતા સ્વર સંમેલન ગાન હૃદયના સૂર બધા,
વિવિધ રૂપ રસ રંગ નાદમાં ઐક્ય ભાવના વસે સદા. ૧
રાગ તાલ લય છંદ મૂર્છના વિવિધ રસોમાં ગાન કરે,
ભાવ સ્વરના આલાપોથી ચંદ્ર તાર માધુરી ભરે;
આત્મા સાથે પરમાત્માનું ઐક્ય થાય આનંદ તદા,
વિવિધ રૂપ રસ રંગ નાદમાં ઐક્ય ભાવના વસે સદા. ૨
લાલ અને નારંગી પીળો લીલો અસ્માની રૂડો,
જાંબુડો ને રંગ પારવો કોઈ નહીં એમાં કૂડો;
જ્યારે વિલસે સર્વ એકલા સુંદર જામે રંગ તદા,
વિવિધ રૂપ રસ રંગ નાદમાં ઐક્ય ભાવના વસે સદા. ૩
ઈંદ્ર ચાપનું રૂપ સુહંકર નભમંડલમાં વિલસે છે,
મિશ્રણ ધારે એક રૂપતા રંગ મનોહર વિકસે છે;
ચિત્ત ચમત્કૃતિ ઉપજે નાના રૂપ ધરે સહુ રંગ તદા,
વિવિધ રૂપ રસ નાદમાં ઐક્ય ભાવના વસે સદા. ૪
કલાધરો નિપજાવે નાના ભિન્ન મનોરમ આકૃતિને,
વિવિધ રંગના સંમીલનથી રમ્યાકૃતિ નિર્લેપ બને;
નતમસ્તક સહુ થાએ જોતાં એકરૂપતા બને સદા,
વિવિધ રૂપ રસ રંગ નાદમાં ઐક્ય ભાવના વસે સદા. ૫
મિષ્ટ આમ્લ તિમ કટુ પણ ભાવે તિક્ત અને રસ તૂરૂં ગમે,
ક્ષાર મિશ્રણે ભોજન રસમય આરોગી સહુ લોક જમે;
ષડ્રસ મિશ્રણ સ્વાદુ બને છે તૃપ્ત થાય છે સર્વ તદા,
વિવિધ રૂપ રસ રંગ નાદમાં ઐક્ય ભાવના વસે સદા ૬
સાધક કોઈ ભક્તિ સાધે છે કર્મયોગ કોઈ ચિત્ત ગમે,
જ્ઞાનોપાસક કેઈ બને છે તપરૂચિ હો કોઈ સાધકને;
આત્મસમર્પણ સેવા કરતા કોઈ કરે છે ત્યાગ બધા,
વિવિધ રૂપ રસ રંગ નાદમાં ઐક્ય ભાવના વસે સદા. ૭
ભિન્ન મતાંતર પ્રકૃતિ ભેદનાં સંમેલન પણ કાં ન બને,
માર્ગ ભિન્ન હો પણ હો એક જ સાધ્ય આત્મનું ધ્યેયપણે;
અનેકાંતના ઉપાસકો સહુ એક સંપ સહુ કાં ન તદા?
વિવિધ રૂપ રસ રંગ નાદમાં ઐક્ય ભાવના વસે સદા. ૮
માન મતંગજથી ઉતરો સહુ ઐક્ય સાધવા જૈનતણું,
દોષ ભૂલતા ઐક્ય સધાશે સાધ્ય થશે એમાં જ ઘણું;
સંપમાંહી નિષ્પન્ન થશે બહુ ઉન્નતિ થાશે નિત્ય તદા,
વિવિધ રૂપ રસ રંગ નાદમાં ઐક્ય ભાવના વસે સદા. ૯

શ્રી
બાલચંદ હીરાચંદ
"સાહિત્યચંદ્ર"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધૂરું સ્વપ્ન

લેખક : **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસ**

### સૂરિ-ત્રિપુટીના દર્શન

સ્વપ્નસૃષ્ટિમાં આગળ વધતાં જ એક તરફ એક પ્રતિભાશાળી આચાર્યશ્રીને વસતીની દિવાલો વચ્ચે નહીં પણ જ્યાં હજારો માનવો એકત્ર થયા છે એવા જાહેર સ્થળમાં પ્રવચન કરતાં જોયા.

અહિંસા પરમો ધર્મઃ ઉપર વિવેચન કરતાં તેમણે કહ્યું કે કીડીથી માંડીને કુંજર પર્યંત નાના મોટા દરેક જીવમાં-આપણામાં છે તેવી જ જીવવાની વૃત્તિ રહેલી છે. આપણને જેમ મૃત્યુ પસંદ નથી તેમ તેમને પણ એ ગમતું નથી. તેમના પ્રત્યે દયા દાખવવી એ માનવ તરીકે આપણો ધર્મ છે. આ મંતવ્ય સામાન્ય રીતે સર્વ ધર્મોનું છે પણ એથી આગળ વધી તીર્થંકર દેવોએ વનસ્પતિમાં પણ જીવત્વ દાખવ્યું છે, અરે! આપણે વિશાળ પર્વતો કે ડુંગરાની હારમાળા જોઈએ છીએ, ઘુઘવતા સાગર પ્રતિ દ્રષ્ટિ ફેંકીએ છીએ, વાવંટોળના મોટા તોફાનોની વાત સાંભળીએ છીએ અથવા તો અગ્નિદેવનું આગરૂપે કે જ્વાળામુખીના ફાટવાથી જે તાંડવ સ્વરૂપ નિરખીએ છીએ એ સર્વમાં પણ ચેતના યાને જીવત્વ રહેલું છે. **ભગવંત શ્રી મહાવીર દેવ**ના આગમમાં એ સર્વનો સમાવેશ સ્થાવર જીવોમાં થાય છે અને સ્પર્શના નામની એક ઈંદ્રિય તેમને હોય છે.

માનવે સુખી થવું હોય તો એ સર્વ પ્રકારના જીવોને બને તેટલા મોટા પાયા ઉપર અભયદાન આપવાના પરિણામ કેળવી જેમ બને તેમ એને આચરણમાં ઉતારવા જોઈએ. મનુષ્ય જીવન પામ્યાની સાર્થકતા એમાં રહેલી છે. નહીં તો ચોરાશીનો ફેરો ઊભો જ છે. એટલે જ કવિએ ગાયું છે કે-' જીવ-દયા ગુણ વેલડી.'

આ પ્રકારનો ઉપદેશ આપવામાં જેમણે દિવસ-રાત જોયા નથી એવા પ્રભાવશાળી સૂરિમહારાજનું નામ છે **શ્રી જિનદત્તસૂરિ.** રાજસ્થાનમાં અને ઉત્તર હિંદમાં દાદા સાહેબની જે દેવકુલિકાઓ દ્રષ્ટિગોચર થાય છે તેમાં આ મહાત્માનો નંબર અગ્રપદે છે. તેઓશ્રીએ ક્ષત્રિય આદિ કોમોમાં ધર્મપ્રચાર કરીને લાખો નવા જૈનો બનાવ્યા છે. ખરતરગચ્છમાં દાદા-સાહેબરૂપે ચાર આચાર્યો ગણાય છે એમાંનાં એક તરીકે આ આચાર્યશ્રીની કાર્યવાહી અદ્‌ભૂત છે.

× × ×

પણ આ શું? જાણે નજર સામેનું ચિત્ર અદ્રશ્ય થઈ જાય અને નવું જ કંઈ નજરે ચઢે તેમ રાજવીની સભા આંખે ચઢે છે. એક તરફ રાજ્યના અધિકારીઓ બેઠેલા જણાય છે જ્યારે સામી બાજુએ જૂદા જૂદા તિલકોથી જેમના ભાલપ્રદેશ અનોખી શોભા ધરી રહ્યા છે એવા પંડિતોની હારમાળા રાજવી જોડે વાત કરી રહેલા એક તેજસ્વી મહાત્મા પ્રતિ મીંટ માંડી રહી છે.

ઉપર જેમના વિષે વાત કરી ગયા એ મહાત્મા-થી આ જૂદા હતા. રાજવીના પ્રશ્નના જવાબરૂપે તેમણે જણાવ્યું કે-

રાજન્! મારું મુખ્ય ધ્યેય આત્માને અનંતકાળથી વળગેલા આઠ પ્રકારના કર્મોથી મુક્ત કરવાનું છે: જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ તેના નામ છે. એમાં મોહનીય કર્મ રાજા સમાન છે. એના પાશમાંથી છૂટવું એ અતિ દુષ્કર કાર્ય છે. રણાંગણ-માં ભારે પરાક્રમ દાખવનારા ભલભલા મહારથીઓને એણે જોતજોતામાં પોતાની મોહનીમાં ફસાવી દીધાં છે. કેટલાયે તપસ્વીઓના કાંઠે આવેલા નાવ એણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડુબાડી દીધાં છે. એની પાછળ એકચિત્તથી લાગ્યા વિના, ઉપસર્ગોના આકરા કષ્ટો સમભાવે સહ્યા વિના કે દેહદમન માટે તીવ્ર તપ તપ્યા વિના, કાયમનો છૂટકારો મેળવવો શક્ય નથી જ. શ્રમણ તરીકે એ માર્ગ મેં સ્વીકાર્યો છે. જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી એને પોષણ આપવું જરૂરી છે. એ માટે ઉપાસક વર્ગ ઉપર આધાર રાખવાનું તીર્થંકર દેવોનું ફરમાન છે. બદલામાં ધર્મોપદેશ આપવાની ફરજ છે, તેમના બોલાવ્યાથી મારું આગમન અહીં થયું છે. જે દેવાધિદેવના સ્મરણથી મુક્તદશા લાભી શકાય છે ત્યાં ચમત્કારોની આપે પૂર્વે વાત કરી એમાં કંઈ આશ્ચર્ય નથી !

પૂજ્ય ગુરુજી ! આપ તો સારી રીતે જાણો છો કે પ્રાકૃત જનતાનો મોટો ભાગ એકદમ તાત્વિક વિષયમાં અવગાહન કરી શકતો નથી. એને કંઈ ને કંઈ નવીનતા–અદ્ભુતતાના આકર્ષણની અગત્ય રહે છે જ. એ કારણે **ચમત્કાર ત્યાં નમસ્કાર** જેવી ઉક્તિ પ્રચલિત બની છે.

ઠીક છે રાજન, હું પણ સભાજનોને આશ્ચર્ય ઉપજે એવું કરી બતાવું. મારે તમારી સભાના પ્રખ્યાત કવિઓ બાણ અને મયૂર માફક નથી તો શહેર બહાર જવાની જરૂર કે નથી તો જેનાં શીરે જન્મ-મરણના ફેરા ઊભા છે એવા લૌકિક દેવી-દેવતાને સાધવાની જરૂર. સારીયે પર્ષદાની મધ્યમાં હું આસન બિછાવું છું. મારી આસપાસ આપ લોખંડની બેડીઓના ચુંવાળીશ વર્તુળો એવી રીતે ગોઠવો કે એમાંથી જરાપણ ન તો ચસી શકે કે એને તોડ્યા વગર બહાર આવી શકે.

રાજવીની આજ્ઞાથી એ જાતની વ્યવસ્થા કરવામાં આવી. વચમાં સૂરિમહારાજ આસન જમાવી બેઠા અને ધ્યાનમગ્ન બની ગયા. હવે શું થાય છે આચાર્યશ્રી કેવો ચમત્કાર દાખવે છે? તે તરફ સૌ મીટ માંડી રહ્યા. ત્યાં તો મેઘગંભીર વાણીમાં સૂરિજીના મુખારવિંદમાંથી સંસ્કૃત શ્લોકો બહાર પડવા લાગ્યા; અને એકેક શ્લોકની પૂર્ણાહૂતિ થતાં પેલી નિગડ (બેડી) આપોઆપ તુટવા લાગી અને સ્વતઃ આવી હડસેલાઇ જવા માંડી. આ સર્વ માત્ર ઇષ્ટ દેવની સ્તુતિ કરતા આચાર્યશ્રીના આત્મબળથી થઈ રહ્યું અને જોતજોતામાં ચુંવાળીશ શ્લોકોની રચનાને અંતે પેલી બેડીઓનો ઢગ ચારે દિશાના ખૂણામાં ભંગારનો ખ્યાલ આપતો ખડકાઇ ગયો. જય જયકારનો ધ્વનિ ગાજી ઉઠ્યો.

આ પ્રભાવક આચાર્યનું નામ **શ્રી માનતુંગસૂરિ** અને નવ સ્મરણમાં આજે પણ જેની ગણના સાતમા સ્મરણરૂપે કરાય છે એ **ભક્તામર સ્તોત્ર**નું સર્જન ઉપર વર્ણવેલ પ્રસંગ દ્વારા થયું. એમાં પ્રથમ તીર્થપતિ શ્રી યુગાદિ જિનેશની સ્તુતિ છે. ગાનારનો કંઠ મંજુલ હોય અને સંગીતનો જ્ઞાતા હોય તો, એના મુખે એ ગવાતું શ્રવણ કરવામાં અપૂર્વ આનંદ આવે છે.

× × ×

ત્યાં તો સભાનું દૃશ્ય ફેરવાઇ ગયું અને રાજસ્થાનમાં આવેલ નાડોલ ગામના ઉપાશ્રયમાં વ્યાખ્યાન કરી રહેલ એક મહાત્મા જણાયા. વર્તમાન કાળે નાડોલ નાડલાઇ ગામોની ગણના રાણકપુરજીની પંચતીર્થીરૂપે થાય છે. ચાર દેવાલય નાડોલમાં મોજુદ છે. કાળ સપાટાએ પૂર્વનો વૈભવ રહેવા દીધો નથી. બાકી ઇતિહાસના જે અંકોડા ઉપલબ્ધ થાય છે એ જોતાં પૂર્વે આ એક મહત્વનું શહેર હતું અને જૈનોની વસ્તી અહીં સારા પ્રમાણમાં હતી.

જ્યાં સૂરિજીએ 'સર્વમંગળ માંગલ્યમ્'નો ઉચ્ચાર કરી દેશનાની પૂર્ણાહૂતિ કરી ત્યાં બહારગામથી પધારેલા ગૃહસ્થોએ ઊભા થઈ, પોતાના સ્થાનમાં વર્તી રહેલ 'મારી'ના ઉપદ્રવની વાત કરી. ત્યાં પધારી એનું નિવારણ કરવા વિનંતી કરી.

સંઘનાં કષ્ટનું નિવારણ કરવાનો ધર્મ આચાર્યશ્રીનો લેખાય; કેમકે ચતુર્વિધ સંઘમાં વિશિષ્ટ જ્ઞાની ભગવંતોના અભાવ સમયે તેઓનું સ્થાન મુખ્ય ગણાય છે. તેથી તો કહેવાય છે કે-'ગુરુ દીવો ગુરુ દેવતા' આ વાત સૂરિજીના લક્ષ્ય બહાર નહોતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કીર્તિ અને સેવાનો વિરોધ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

પાણી અને અગ્નિને જેમ વિરોધ હોય છે, તેમ કીર્તિ અને સેવાની ભાવનાને પણ વિરોધ જ હોય છે. એટલે સેવા કરવાથી કીર્તિ મળતી નથી એમ નહીં પણ સેવા ભાવનાથી જે પુણ્ય મળવાનું તે મળતું નથી. સેવા ત્યાગની ભાવનામાંથી જન્મવી જોઇએ, તો જ તેનું ફળ મળે. અને તેમાં સ્વાર્થનું ઝેર મિશ્રિત થાય તો તેનું ફળ નષ્ટ થઈ જાય છે. કીર્તિનો લોભ જેમાં હોય એવી સેવા પણ નિષ્ફળ થાય છે. સેવાની કીર્તિ તો પ્રસરે છે જ, પણ તે અનાહૂત હોવી જોઇએ. જેમ સુગંધી ફૂલોમાંથી સુખદ મધુર ગંધ પ્રસરે તેમ નિઃસ્વાર્થ સેવાની ભાવનામાંથી કીર્તિનો સુગંધ પ્રસાર પામે એ સ્વાભાવિક છે. અને એવા ગંધથી લોકો આકર્ષાઈ તેની પ્રશંસા કરે એ બનવાજોગ છે. ફૂલને પોતાની સુગંધ પ્રસરે અને લોકો તેની પ્રશંસા કરે એવી ઇચ્છા કે ભાવના પણ હોતી નથી. અને પોતાનો ગંધ લેવા અને તેના વખાણ કરવા એ કોઇને બોલાવતું પણ નથી. એ તો પોતાની સુગંધ લોકોને આપવાનો ધર્મ બજાવે જ જાય છે. કોઇ એની પ્રશંસા કરે કે ન કરે એની એને દરકાર હોતી નથી. ફૂલ તો જ્યાં ઊગે ત્યાં જ પોતાનું પરસેવાનું કાર્ય કરતું સ્વ-જીવન પૂરું કરે છે. એને તો પરસેવા કરવાની જ ધૂન લાગેલી હોય છે. કોઇ એને પ્રભુના અંગ ઉપર ચઢાવે કે પોતાના માથા પર મૂકે, કોઇ મહાપુરુષના અંગે એને આરોપે કે કોઈ પોતાની પ્રેયસીના મસ્તક પર મૂકે અથવા કોઇ સમાધી ઉપર તેને ચઢાવે કે શબ ઉપર મૂકે એની એ શા માટે પરવા કરે? એને તો જન્મથી મૃત્યુ સુધી સેવા અને સેવા જ કરવાની હોય છે. પરોપકાર કરી લોકોના સુખનું કારણ બનવું એ એનો પ્રકૃતિ ધર્મ અને જન્મસફલતા મનાઇ ગએલ હોય છે. કોઇ એની પ્રશંસા કરે છે કે નહીં એનો એને વિચાર પણ આવતો નથી. આવી હોય છે સેવાની ભાવના! એમાં કીર્તિની લોલુપતાની દુર્ગંધ હોતી નથી. એ સાચી સેવાની વૃત્તિ આપણે ધ્યાનમાં રાખવી જોઇએ.

કસ્તૂરી કાંઇ પોતાના મોઢે પોતાના ગુણના વખાણ કરતી નથી, એની સેવા કરતી સુગંધી લોકોની ઘ્રાણેંદ્રિયને સ્પર્શે છે અને લોકો પોતાની મેળે વાહ વાહ પોકારે છે. એટલે કીર્તિ એ માગી મળતી નથી. અને જે કોઇ કીર્તિ મેળવવાની લાલચમાં તેની પાછળ દોડે છે તેની પાસેથી કીર્તિ દૂર ને દૂર દોડતી રહે છે. સેવાનું સ્વાભાવિક પરિણામ કીર્તિ હોઇ શકે, પણ કીર્તિને માટે સેવા એ તો તદ્દન મૂર્ખાઇ જ છે, માટે જ અમો કહીએ છીએ કે, સેવા અને કીર્તિનો

---

પોતે શકિતશાળી પણ હતા જ. મંત્રના જાણ હતા. સંઘના શ્રેયાર્થે અથવા તો ધર્મની પ્રભાવનાના સમયે એનો ઉપયોગ કરવો જરૂરી છે એવું મંતવ્ય પણ ધરાવતા.

તેમણે શ્રાવકોને આશ્વાસન આપતાં જણાવ્યું કે-મહાનુભાવો! વિહાર કરી તમારા પ્રદેશમાં આવી શકાય તેવા મારા સંયોગો નથી. તમારે એથી નિરાશ થવાની જરા પણ અગત્ય નથી. હું તમોને એક સ્તોત્ર દેવીમંત્રથી ગર્ભિત બનાવી આપું છું. તમો એનું શુદ્ધ હૃદયથી પવિત્ર થઇ ઉચ્ચારણ કરજો એટલે વિઘ્ન દૂર થઇ જશે. એના જાપ-સમયે જળ ભરેલ કુંભ સ્થાપન કરજો અને પછી એ જળ જ્યાં જ્યાં છાંટશો ત્યાં ત્યાં શાન્તિ સહજ પથરાશે.

કુદરતી બોલી જવાયું: ઓહ, આ તો લઘુશાન્તિ નામના સ્તવના રચયિતા શ્રીમાન **માનદેવસૂરિ મહારાજ.**

હજુ સ્વપ્નમાં જે કતાર જોયેલી, અને જેની સ્મૃતિ રહેલી એવા પ્રાચ્ય પ્રભાવકોના દશ્ય તાજા છે, એની વાત હવે પછી- (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરોધ હોય છે. જે કોઇ કીર્તિની પાછળ પડી સેવાની કે દાનની વૃત્તિ લોકો આગળ પ્રદર્શિત કરે છે એ પોતે જ પોતાને ઠગે છે, એમાં જરાએ અતિશયોક્તિ નથી. કીર્તિની ઝંખના રાખનારો માણસ જરા જેવી લોકસેવા કરે છે કે તરત જ લોકો પાસે કીર્તિની માગણી કરે છે. કારણ એનું ધ્યેય કીર્તિ હોય છે, સેવા નહીં. અને તેથી જ તેની સેવા નિષ્ફળ જાય છે. લોકો એની કીર્તિલાલસા તરત જ કળી જાય છે. અને એની એ ખોટી લાલચ દૂર ને દૂર જતી રહે છે.

અત્યાર સુધી જે જે મહાત્માઓએ જનતાની કે માનવ જાતની સેવા કરી છે તેઓના મનમાં પોતાની સેવાની લોકો કદર કરે અને પોતાની કીર્તિના ગાન કરે એવી કલ્પના પણ તેઓએ કરેલી હોતી નથી, એ સ્પષ્ટ જોવામાં આવે છે. કેટલાએક અત્યુચ્ચ કોટીના ગ્રંથો મળી આવે છે. તેઓના કર્તાઓના નામોની શોધ કરતા પણ એ મળી આવતા નથી. ઘણા જ્યોતિર્ધરોની હયાતીનો કાળ ફક્ત એમની ભાષાશૈલી કે બીજા કોઈ સાધનોથી અનુમાન બાંધી નક્કી કરવામાં આવે છે. અને કાલાંતરે બીજા કોઇ પ્રમાણો પ્રગટ થાય છે ત્યારે પહેલાના નિર્ણયો અધૂરા અગર ખોટા સિદ્ધ થાય છે. ઘણા પ્રથિતયશ ગ્રંથકારોના ચરિત્રો અનેક સંશોધકોના પ્રયત્નો પછી પણ મળી શકતા નથી. કારણ એવા તત્ત્વજ્ઞોને પોતાનો યશ કે કીર્તિ એટલું જ નહીં પણ પોતાના વ્યક્તિત્વનું પણ સ્મરણ હોતું નથી. સેવા એ જ એમનો મુખ્ય ધર્મ તેઓએ માનેલો હતો, એમ જણાય છે. હમણાની પેઠે જરા જરા વાતોમાં લલચાઈ પોતાની પરંપરા અને મચડીમચડી ઊભી કરેલી બિરૂદાવલી પોતાના નામ સાથે જોડવાની એઓને સ્વપ્નમાં પણ કલ્પના આવતી ન હતી. આવી હોય છે નિરપેક્ષ સેવાની ભાવના! એવા સેવાભાવી મહંતોને મન કીર્તિ એ તુચ્છ વસ્તુ ગણાતી. આપણા હાથે કદાચ એવી સેવા થઇ જાય, એવી ઘટના બની જાય ત્યારે આપણે કીર્તિના લોભને તજવો જ જોઇએ, કારણ એ લોભ આપણી સેવાની અસર તદ્દન ભૂંસી નાખે છે, એ ભૂલવું નહીં જોઇએ.

સેવાની ભાવના એ હૃદયની ઊર્મિથી નિકળવી જોઇએ. ત્યારે એમાં કીર્તિનો લોભ શી રીતે પેસી શકે? જે લોકો કીર્તિમોહથી પરોપકાર કે સેવા કરવા નિકળે છે તે લોકોના મનમાં પહેલા બીજા સેવાભાવી જનોની કીર્તિ જોઇ ઇર્ષ્યા જાગે છે. અને આપણે પણ એમ કરીએ તો આપણી કીર્તિ લોકો ગાશે એવો લોભ જાગે છે. અને તેથી જ તે કૃત્રિમ રીતે કીર્તિની પાછળ આકર્ષાઇ સેવા કરવા નિકળી પડે છે. અને તાત્કાલિક પ્રશંસકો નહીં મળવાથી તેઓ નાસીપાસ થાય છે. ત્યારે 'લોકો કેવા નગુણા છે, હું આટલું આટલું દાનપુણ્ય કરું છું છતાં મારી કોઈ કદર કરતું નથી, મારી સ્તુતિ કોઇ ગાતું નથી; તેથી લોકો જ ખોટા છે.' એમ કહી નિરાશાના સૂર કાઢવા માંડે છે. અને કદાચ સેવાની ભાવના મૂકી પણ દે છે. એનો અર્થ એ થયો કે એની સેવા સાચી હતી જ નહીં. એનું દાનપુણ્ય હૃદયમાંથી પ્રગટયું હતું જ નહીં. એ તો કીર્તિ, પ્રશંસા અને વાહવાહ મેળવવાના લોભમાંથી જન્મ્યું હતું. એમાં પહેલાંથી વિષ મિશ્રિત થયેલું હતું એ સ્પષ્ટ જોવામાં આવે છે આવી સેવા કે દાન પુણ્યનું ફળ શું હોય? પહેલેથી જ ડિંડિમ વગાડી, મોટા ફરફરીઆ પ્રગટ કરી કીર્તિના લાલચુ પ્રશંસાની ભીખ માગતા ફરે, એમને સાચી ભાવોર્મિની કીર્તિ કયાથી જાગે? સાચી સેવા, ભક્તિ કે દાન પુણ્યની વૃત્તિ તો મૂંગી જ હોઇ શકે. એને જાહેર ખબરની શી જરૂર? સેવા કર્યા વિના રહેવાય જ નહીં એવી એ આંતરિક ભાવના હોય. બીજાના દુઃખે મનમાં રૂદન ભરાઈ આવે અને તેથી સેવા થઇ જાય તે જ સાચી સેવા! પ્રભુની ભક્તિ કરવાની ભાવના લોહીના દરેક બિંદુમાંથી પ્રગટે ત્યારે કરેલી સેવા પ્રભુની સેવા કે પ્રાર્થના સફળ નિવડવાનો સંભવ છે; અન્યથા નહીં. દાન પણ ત્યારે જ સફળ નિવડે કે એક હાથે કરેલા દાનની બીજા હાથને ખબર પણ ન પડે. બાકી તો બીજી રીતે થએલું દાન એ શાબ્દિક દાન જ ગણાવાનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેને સાચે જ સેવાની ભાવનાથી નિરપેક્ષપણે સેવા કરવાની હોય છે તેઓને પોતાની કીર્તિ કે પ્રશંસા સાંભળવાનો પ્રસંગ આવે છે ત્યારે તેઓ પોતાના કાન ઢાંકી લ્યે છે. તેઓ પોતાની સ્તુતિ સાંભળવા માગતા જ નથી. કારણ એઓએ સેવાના કોઈપણ બદલાની અપેક્ષા રાખેલી હોતી જ નથી. એઓ પોતાની આંતરિક લાગણીને વશ થવાને લીધે જ સેવા કરવા પ્રેરાએલા હોય છે. કેટલાએક કીર્તિલોલુપ સેવાનો દેખાવ કરી સસ્તી પ્રસિદ્ધિની અપેક્ષા રાખનારાઓની પેઠે પોતાની ડિંડિમ પોતે જ વગાડતા ફરતા નથી.

જેઓને સેવા કરવાની જ ધૂન લાગી હોય છે તેઓને જ્યારે સમાજમાં અણગમો કે અનિચ્છનીય વાતાવરણ જણાય છે ત્યારે તેમનું મન મૂંઝી ઉઠે છે. સમાજમાં જણાતા ક્ષોભનો કયારે અંત આવે એની ઝંખના એમને લાગેલી હોય છે. અને એનો ક્ષોભ જેમ બને તેમ જલદીથી શાંત કરવા માટે તેઓ તનતોડ પરિશ્રમ સેવે છે. જેઓ પોતે જ સમાજમાં ક્ષોભ જગાવી તેમાં પોતાને કૃતકૃત્ય માને છે, અને પોતે કેવું સારું કાર્ય કર્યું છે એમ ગણી પોતાની બહાદુરીના ગીત ગાયા કરે છે એવા લોકો માટે અમારે કાંઈપણ કહેવાનું નથી. સેવાઓની કૃતિનું કેવું પરિણામ આવે છે એ સહુ કોઈ સમજી શકે તેમ છે.

આપણે ક્રિયાઓ કરીએ છીએ એમાં પ્રાણ પૂરવો હોય તો તેમાં આપણા આત્માની સમર્પણા હોવી જોઈએ. એમાં નીચ એવા સ્વાર્થની જ્યાં સુધી જરા જેવી પણ ગંધ આવતી હશે ત્યાં સુધી એ ક્રિયા છાર ઉપર લીંપણા જેવી વ્યર્થ છે એ સમજી રાખવું જોઈએ. સેવા કરવાનો સ્વભાવ હોવો જોઈએ. એ આત્મસ્ફૂર્તિમાંથી જન્મેલ ક્રિયા હોવી જોઈએ. સેવા કર્યા વિના મારાથી રહેવાતું નથી એવી વૃત્તિ થાય ત્યારે જ સેવા ફલવતી થાય છે. કીર્તિનો જે ભિખારી હોય છે અને કીર્તિની યાચના કરતો ફરે છે તેની પાસેથી કીર્તિ દૂર ને દૂર જ દોડતી રહે છે. અને જે મહાત્મા કીર્તિની લાલચ વિના સેવા કરતો રહે છે, એની કીર્તિ દાસી બની રહે છે. જે જે સતીઓએ પ્રાણના ભોગે પણ પોતાનું સતીત્વ જાળવી રાખ્યું તે સતીઓએ કીર્તિના લોભથી કાંઈ સતીત્વ નથી જાળવ્યું, માટે જ સૂર્ય ઉદય પહેલાં લોકો તેમના નામનું સ્મરણ કરે છે. તેમજ જે મહાત્માઓએ પોતાના પ્રાણ અર્પણ કરીને પણ ધર્મનું પાલન કર્યું છે, તેઓના ગુણગાન અખંડ રીતે હજારો વર્ષોથી લોકો કરતા આવ્યા છે. તેમના પાર્થિવ દેહ જતા રહ્યા, પણ કીર્તિના રૂપમાં તેઓ હજુ હયાત જ રહ્યા છે. તેમ જ તેઓ અખંડ રીતે લોકો આગળ ઉપદેશરૂપી અમૃતની ધારા વહાવ્યા જ કરે છે એવા સંતોની સેવા જ ગ્રહણ કરવા લાયક ગણાય છે, માટે એવી નિરપેક્ષ સેવા આપણા હાથે થતી રહે એ જ અભ્યર્થના.

## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

# યન્ત્રરાજનું રેખાદર્શન

લેખક : શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**નિમિત્તશાસ્ત્ર**–દેશાન્તરિત અને કાલાન્તરિત ભવિષ્યના બનાવને દર્શાવનારા ચિહ્નને 'નિમિત્ત' કહે છે અને એના ઉપર વ્યવસ્થિત અને વેધક પ્રકાશ પાડનારા શાસ્ત્રને 'નિમિત્તશાસ્ત્ર' ( Science of Divination ) કહે છે. આ વ્યાખ્યા પ્રમાણે જ્યોતિષનો નિમિત્તમાં અંતર્ભાવ થાય છે.

**ગણિત અને ફલિત**– જ્યોતિષશાસ્ત્રના 'ગણિત' અને 'ફલિત' એમ બે વિભાગ પડાય છે. આ બંને વિભાગને અનુલક્ષીને આપણા દેશમાં તેમ જ પરદેશમાં ગ્રંથો રચાયા છે.

પ્રસ્તુતમાં હું એક જૈન આચાર્યે 'ગણિત' ને અંગે રચેલા ગ્રન્થનો સંક્ષિપ્ત પરિચય આપવા ઇચ્છું છું. એ ગ્રન્થનું પ્રચલિત નામ **યન્ત્રરાજ** છે.

**વિવિધ નામો**– પ્રસ્તુત **યન્ત્રરાજ**ના પ્રણેતા મહેન્દ્રસૂરિ છે. એમણે આ ગ્રન્થના આદ્યપદ્યમાં આ ગ્રન્થનો **સદ્યન્ત્રરાજાગમ** તરીકે અને અંતિમ પદ્યમાં **સુયન્ત્રાગમ** તરીકે ઉલ્લેખ કર્યો છે. આ ગ્રન્થના ઉપર મલયેન્દુસૂરિએ જે ટીકા રચી છે તેમાં એમણે આ ગ્રન્થનો **યન્ત્રરાજગ્રન્થ** અને **યન્ત્રરાજાગમ** તરીકે નિર્દેશ કર્યો છે. **જૈન ગ્રન્થાવલી**–(પૃ. ૩૪૯)માં **યન્ત્રરાજાગમ**નો ઉલ્લેખ છે.

**વિભાગ**– **યન્ત્રરાજ**ની રચના સંસ્કૃતમાં પદ્યમાં કરાઇ છે. સમગ્ર ગ્રંથને પાંચ વિભાગમાં વિભક્ત કરાયો છે. પ્રત્યેક વિભાગને "અધ્યાય" કહ્યો છે. પાંચે અધ્યાયનાં નામ સાન્વર્થ છે. આ રહ્યાં એ નામ:—

ગણિત, યન્ત્રઘટના, યન્ત્રરચના, યન્ત્રશોધન અને યન્ત્રવિચારણા.

પાંચ અધ્યાયોમાં અનુક્રમે ૭૩ (૭૧+૨), ૭, ૨૮, ૭ અને ૧૭ પદ્યો છે. પ્રથમ અધ્યાયનાં પદ્યોની સંખ્યા કેટલીક હાથપોથીમાં ૭૧ની તો કેટલીકમાં ૭૩ની છે. ૭૩ની ગણતાં પદ્યોની એકંદર સંખ્યા ૧૮૨ની થાય છે.

**વિષય**–પાંચે અધ્યાયનાં નામ પ્રસ્તુત ગ્રન્થના વિષયનો **સામાન્ય** બોધ કરાવે છે. પ્રથમ પદ્યને પ્રારંભ સર્વજ્ઞના ચરણકમળનો તેમજ પોતાના ગુરુ મદનસૂરિનો હૃદયમાં પરામર્શ કરવાપૂર્વક કર્તાએ કર્યો છે. પછી ગ્રંથ રચવાનું કારણ દર્શાવી એમણે **યન્ત્રરાજ**નો મહિમા વર્ણવ્યો છે. ત્યારબાદ નિમ્નલિખિત બાબતોને એમણે સ્થાન આપ્યું છે.

ક્રમથી અને ઉત્ક્રમથી જ્યા (જીવા) લાવવાની રીત, ભુજજ્યા અને કોટિજ્યા ઉપરથી ધનુષ્ય સાધવાની રીત, ત્રણ રાશિના પરમ ક્રાંતિના કોષ્ટકો સૂર્યની ક્રાન્તિ લાવવાની રીત, સૂર્યના અંશ પ્રમાણે છ છ રાશિઓમાં પોતાના અહોરાત્રના પ્રમાણનું ઉત્પાદન, નેવું (૯૦)થી અધિક અંશોમાં દ્યુજ્યાના ખંડોનું ઉત્પાદન અને એનો (દ્યુજ્યાફળનો) ઉપયોગ દ્યુજ્યાનું ફળ લાવવાની રીત, સૌમ્ય યંત્રમાં ઇષ્ટ અક્ષાંશોના ઉન્નત વૃત્તના કેન્દ્રના વ્યાસાર્ધ માપવાની રીત, અક્ષાંશોમાંથી ઉન્નત અંશો ઓછા કરવાની યુક્તિ યામ્ય યંત્રમાં ઇષ્ટ અક્ષાંશોના ઉન્નત વલયના કેન્દ્રને વ્યાસ કાઢવાની રીત, યંત્રમાં નક્ષત્રના મંડળ માટે ગ્રંથનું નિર્માણ અને વર્ષથી ઉત્પન્ન સાયન સૂર્ય દ્વારા બત્રીસ નક્ષત્રોના વકોની સૌમ્ય અને યામ્ય વિક્ષેપ સહિત વિચારણા, ગ્રંથાદિ નક્ષત્રો અને ધ્રુવકોમાંથી ઇષ્ટ વર્ષમાં નક્ષત્રો અને ધ્રુવકો કાઢવાની રીત નક્ષત્રોમાં પોતપોતાનાં શર–નક્ષત્રોમાંથી પોતપોતાની ક્રાંતિ દર્શાવવાની બે રીત, નક્ષત્રોના પોતપોતાના ધ્રુવકોથી પોતપોતાનાં દૃક્કર્મ લાવવાની બે રીત નક્ષત્રોના પોતપોતાના અંશના ઓછાપણાથી સૌમ્ય અને યામ્ય અહોરાત્ર લાવવાની રીત, ઇષ્ટ અક્ષાંશોથી અભીષ્ટ નક્ષત્રોના ઉન્નત અંશ લાવવાની રીત

યંત્રનાં ત્રણ વૃત્તો નામે મકર-વૃત્ત, મેષ-તુલા-વૃત્ત અને કર્કવૃત્ત-એ ત્રણ વૃત્તની સંખ્યાનું પ્રમાણ, મેષ અને તુલા એ બે વૃત્તનું ઉત્પાદન, વ્યાસાર્ધ અને નક્ષત્રચક્રનું તેમજ કેન્દ્રનું ઉત્પાદન, આખેલ નક્ષત્રચક્ર અને વ્યાસાર્ધનું પ્રમાણ, નક્ષત્રમંડળ માટે લંકાના ઉદયમાનનાં પ્રમાણોની અંશદીઠ ભાગાદિ યુક્તિ તેમજ ઇષ્ટ શંકુની છાયા તથા એના કર્ણ સાધવાની રીત.

બીજા અધ્યાયમાં યંત્ર બનાવવાની રીત દર્શાવાઈ છે. યંત્ર મૃત્તિકાનું કે ધાતુનું હોવું જોઈએ.

ત્રીજા અધ્યાયમાં નીચે મુજબની વિગતો રજૂ કરાઈ છેઃ—

યંત્રનો રચના અને યંત્રના પ્રકારો, દ્વિતીય વૃત્તનો લેખ, યંત્રમાં કોડાના સ્થાન અને પૂર્વ પક્ષની સાધના, સૌમ્ય યંત્રમાં ઇષ્ટ અક્ષાંશનાં પત્રોમાં ઉન્નત વલયોનું • સાધન, સૌમ્ય યંત્રમાં હોરાની સ્થાપના, સૌમ્ય યંત્રમાં નક્ષત્રચક્રમાંના પત્રમાં કર્ક વગેરે ત્રણ વૃત્તોની સાધના, મેષ વગેરેના અંશ વગેરેનું માપ, નક્ષત્રચક્રમાં પ્રથમ કહેલા દૃક્કર્મથી સંસ્કારેલા નક્ષત્રની સ્થાપના, દક્ષિણ યંત્રમાં અક્ષાંશનાં પત્રોમાં ઉન્નતાંશોના વલયની સાધના, યામ્ય યંત્રમાં નક્ષત્રચક્રની સાધના, મિશ્ર ભેદોમાં ફણીન્દ્ર યંત્રમાંના અક્ષાંશનાં પત્રમાં ઉન્નત વલયની સાધના, ફણીન્દ્ર યંત્રમાં અક્ષાંશનાં પત્રમાં ઉન્નત વલયની સાધના, ફણીન્દ્ર યંત્રમાં નક્ષત્રમંડળની સાધના, નક્ષત્રોનાં મંડળના અંશોથી નક્ષત્રની સ્થાપના, નક્ષત્રચક્રના પત્રની રચનાની સમજણ, અક્ષાંશોથી પરમ દિવસ લાવવો તેમજ પરમ દિવસથી વિષુવતી છાયા લાવવી.

ચોથા અધ્યાયની બાબતો નીચે મુજબ છેઃ-

યંત્રને શોધવાનો પ્રકાર, મંગળ વગેરેમાં વૃતોનું શોધન, બાર લગ્નોનું શોધન, નક્ષત્રના ચંચુનું શોધન તેમજ ભુજાનું અને બે પાદનું શોધન.

પાંચમા અધ્યાયમાં નીચે મુજબની બાબતોનું નિરૂપણ છેઃ-

યંત્રની વિચારણા, ગ્રહોના અને નક્ષત્રોના ઉન્નતાંશ લાવવાની રીત, સૂર્યના સંબંધવાળા પૂર્વાપર ઉન્નતાંશોથી દિવસની શેષ ઘડી અને લગ્ન લાવવાની રીત, દિવસની હોરા લાવવાની રીત, દિવસની શેષ ઘડીઓથી સૂર્યનો ઉન્નતાંશ લાવવાની રીત, રાત્રિમાં વિદ્ધ નક્ષત્રોના ઉન્નતાંશોથી રાત્રિની શેષ ઘડીઓ લાવવાની રીત, રાત્રિમા લગ્ન હોરા લાવવાની રીત, રાત્રિની ઇષ્ટ ઘડીઓમાંથી નક્ષત્રથી યુક્ત ઉન્નતાંશ લાવવાની રીત, દિવસ અને રાત્રિની ઘડીઓથી લગ્ન લાવવાની રીત, ચાર ભાવોનું સાધન, વળી ચાર ભાવોનું ઉત્પાદન, બાકીના ચાર ભાવોનું ઉત્પાદન, ભાવોનું ફળ, વિંશોપક વગેરેનું ફળ લાવવાની રીત, ૭ વડે ભાંગેલ અંશની રેખા ઉપર રહેલા મધ્યસ્થ સૂર્યના અંશોનું યંત્રવડે જ્ઞાન, રાત્રિના ચાર પ્રહરો સુધી નક્ષત્રોના ઉન્નતાંશ લાવવાની રીત, સૂર્યનું સ્પષ્ટીકરણ, નક્ષત્રથી બીજા ગ્રહોનું સ્પષ્ટીકરણ, પ્રકારાંતરથી ઇષ્ટ કાળમાં નક્ષત્રના ઉન્નતાંશોથી ભૌમાદિ પાંચનું સ્પષ્ટીકરણ, ગ્રહોની ભુક્તિ લાવવાની રીત, ઇષ્ટાંશમાં પરમ ચર દલ લાવવાની રીત, દિવસ અને રાત્રિનું માપ કાઢવાની રીત, અયનાંશ, ગ્રહની યુતિ, ચાલુ વર્ષના લગ્નથી આવતા વર્ષના લગ્ન તેમજ અન્ય દેશના સંસ્કારથી સ્પષ્ટ લગ્ન લાવવાની રીત, નક્ષત્રોની ઉત્તર અને દક્ષિણ ક્રાંતિનું જ્ઞાન, યંત્રમાં રહેલા અક્ષાંશોથી ઇષ્ટ અક્ષાંશોના લગ્ન લાવવાની રીત, સર્વદા ઉદય પામતા નક્ષત્રો(તારા)થી ઇષ્ટ દેશના અક્ષાંશ લાવવાની રીત, દૃક્કર્મના સંસ્કારથી નક્ષત્ર લાવવાની રીત, યંત્રથી તિથિ, નક્ષત્ર અને યોગ લાવવાની રીત, બાર આંગળના શંકુથી સાત આંગળના શંકુની છાયાનું માપ, સાત આંગળના શંકુથી બાર આંગળના શંકુની છાયા જાણવાની રીત, ઇષ્ટ ઉન્નત અંશોથી બાર આંગળના અને સાત આંગળના શંકુથી છાયા લાવવાની રીત, દૂર રહેલા પર્વત, કિલ્લા, દેવાલય, તોરણ, સ્તંભ, વૃક્ષ વગેરેની ઊંચાઈનું માપ યંત્રવડે જાણવાની રીત, યંત્રવડે મંગળ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે પાંચનો રાશિઓમાં ઉદય તેમજ યંત્રવડે મંગળ વગેરેના અસ્તનું રાશિદ્વારા જ્ઞાન.*

**પ્રણેતા**-યંત્રરાજના કર્તાનું નામ 'મહેન્દ્ર' છે. એમણે પોતાને આદ્ય પદ્યમાં 'સૂરિ' કહ્યા છે, વિશેષમાં પ્રત્યેક અધ્યાયના અંતિમ પદ્યમાં એમણે 'મહેન્દ્રગુરુ' તરીકે પોતાનો નિર્દેશ કર્યો છે. આદ્ય પદ્યમાં સુચવાયા મુજબ મદનસૂરિ એમના ગુરુ થાય છે. પ્રત્યેક અધ્યાયના અંતિમ પદ્યમાં એ મદનસૂરિનો સંક્ષિપ્ત પરિચય અપાયો છે.

એ દ્વારા કહ્યું છે કે-ભૃગુપુરમાં એટલે કે ભરૂચમાં મદનસૂરિ નામના 'ગણકચક્રચૂડામણિ' થયા અને એમની પ્રશંસા એક નૃપતિએ કરી હતી. એ નૃપતિ તે 'પીરોજ' એમ યન્ત્રરાજની સંસ્કૃત ટીકામાં મલયેન્દુસૂરિએ કરેલા ઉલ્લેખ ઉપરથી જાણી શકાય છે. આ 'પીરોજ' નૃપતિ તે 'દિલ્હીનો ફિરોજશાહ તઘલખ' એમ (જૈ. સા. સં. ઇ. ૪૪૦-૪૪૧)માં કહ્યું છે. વળી એ રાજાના મહેન્દ્રસૂરિ મુખ્ય જ્યોતિષી હતા, એમ પણ અહીં કહ્યું છે.

**રચનાવર્ષ**-યંત્રરાજના પ્રથમ અધ્યાયનું ચાળીસમું પદ્ય વિચારતાં આ ગ્રન્થ શકાબ્દ 'દ્વિ-નન્દ-સૂર્ય'માં એટલે કે શકસંવત્ ૧૨૯૨માં અર્થાત્ વિ. સં. ૧૪૨૭માં રચાયાનું ફલિત થાય છે. આ પદ્યની ટીકામાં આ ગ્રંથ શકસંવત્ ૧૨૯૨ માં રચાયાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

**આધાર**-પ્રથમ અધ્યાયના ત્રીજા પદ્યમાં કહ્યું છે કે યવનોએ અનેક પ્રકારના યન્ત્રાગમ રચ્યા છે. તેનું સમુદ્રની જેમ મંથન કરી મેં એના અમૃતસમાન સારરૂપ આ ગ્રન્થ યોજ્યો છે.

**ટીકા અને ટીકાકાર**-યન્ત્રરાજ ઉપર એના પ્રણેતા મહેન્દ્રસૂરિના શિષ્ય મલયેન્દુસૂરિએ સંસ્કૃતમાં મુખ્યતયા ગદ્યમાં ટીકા રચી છે. પ્રારંભમાં તેમજ પ્રત્યેક અધ્યાયની ટીકાના અંતમાં એકેક પદ્ય છે. અંતમાં ત્રણ વધારાનાં પદ્યો છે. મૂળ ગ્રન્થ સુગમ છે અને એના ઉપરની ટીકા પણ વિશદ અને અનેક કોષ્ટકોથી સમૃદ્ધ છે.

ટીકાકારે પ્રસ્તુત ટીકા ક્યારે રચી તે જણાવ્યું નથી. વળી એમણે કે યન્ત્રરાજના પ્રણેતાએ પોતાના ગચ્છ વિષે તેમજ મદનસૂરિની ગુરુપરંપરા કે મલયેન્દુસૂરિની શિષ્યપરંપરા વિષે કશી માહિતી આપી નથી અને હું પણ હજી સુધી તો એ બાબતમાં અજ્ઞાત છું.

**પ્રકાશનો**-મૂળ ગ્રન્થ સુધાકર દ્વિવેદીએ અને એલ. શર્માએ બનારસથી ઇ. સ. ૧૮૮૩માં પ્રસિદ્ધ કર્યો હતો. સુધાકર દ્વિવેદીએ ટિપ્પણ રચી આ પ્રકાશનને સમૃદ્ધ બનાવ્યું હતું, એમ વિ.સં. ૧૯૯૪ ના "શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ"ની મુનિશ્રી (હવે પંન્યાસ) વિકાસવિજયજીની પ્રસ્તાવના જોતાં જણાય છે. આ પ્રકાશન હજી સુધી તો મારા જોવામાં આવ્યું નથી એટલે એ વિષે હું વિશેષ કંઇ કહી શકતો નથી. આ પ્રસ્તાવનામાં નીચે મુજબ ઉલ્લેખ છેઃ-

"જયપુર સ્થાપિત મહારાજા શ્રી જયસિંહજીએ ઉપરોક્ત (યન્ત્રરાજ) ગ્રંથ ઉપર વિદ્વત્તાપૂર્વક કારિકા રચી ગ્રંથના મૌલિક વિષયોનો વિસ્તારપૂર્વક સ્ફોટ કરી જયપુર, ઉજ્જૈન, બનારસ, દિલ્હી વગેરે સ્થળોએ વેધશાળાદ્વારા આ યંત્રરાજ ગ્રંથની પ્રત્યક્ષતા સાબિત કરી બતાવી છે."

આ કારિકા કોઇ સ્થળેથી પ્રકાશિત થઇ હોય તો તે મારા જોવામાં આવી નથી.

"નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી મલયેન્દુસૂરિકૃત ટીકા સહિત આ યંત્રરાજ જંબુસરના વતની પુરુષોત્તમના પુત્ર દૈવજ્ઞચૂડામણિ વિશ્રામે શકસંવત્

* આ વિષયગત વિગતો તૈયાર કરવામાં રૈક્વે દ્વારા સંપાદિત આવૃત્તિમાંનો સંસ્કૃત વિષયાનુક્રમનો મેં છૂટથી ઉપયોગ કર્યો છે-એના પ્રાયઃ અનુવાદરૂપે આ લખાણ છે. એથી એ વિષયાનુક્રમના રચનાર અને પ્રકાશકનો હું આભાર માનું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

( ૨૦ )

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૮૩) કોઈ ક્ષેત્રમાં સાધુ રહેલા હોય અને પરોણા તરીકે નવા સાધુ આવે તો ત્યાં રહેલ સાધુએ શો વિધિ કરવો ?

ઉ૦—જો ગોચરી વાપરવાના સમયે નવા સાધુ આવ્યા હોય તો તે સમયે ત્યાં રહેલા સાધુઓએ નિસિહી સાંભળ્યા પછી તુરત જ મુખમાં નાંખેલ કવલ ખાઈને પાત્રમાં રહેલ અન્ન મૂકી દેવું. પછી તે પરોણા સાધુઓ સંક્ષેપમાં આલોચના કરીને માંડલી-માં ભોજન કરે, એમ છતાં જો પૂર્વે લાવેલ આહાર તેઓને અને પોતાને માટે પૂર્ણ હોય તો સારું અને ન હોય તો સર્વ આહાર પરોણા સાધુને આપી પોતે પોતાને માટે બીજો આહાર લઈ આવે.

શંકા—આ પ્રમાણે કેટલા દિવસ સુધી પરોણા સાધુઓને આહાર લાવીને આપે ?

સમાધાન—तिन्नि दिणे पाहुण्णं सव्वेसिं असहबालवुड्ढाणं ॥ जे तरुणा सग्गामे वत्थव्वा बाहिं हिंडंति ॥ २ ॥

ભાવાર્થ—અસમર્થ-બાલ-વૃદ્ધ હોય તે બધાયની ત્રણ દિવસ સુધી પરોણાગત કરવી એટલે સાધર્મિક-ની ભક્તિ કરવી, ત્યારપછી પરોણા સાધુ હોય તે પોતાના ગામમાં ગોચરી જાય અને ત્યાં રહેનાર સાધુ ગામ બહાર પરામાં ગોચરી લેવા જાય. જો તે પરોણા સાધુ એકલા ગોચરી ન જઈ શકે એમ હોય તો બે સંઘાડાના ભેગા મળીને જાય એટલે એક ત્યાં રહેલ સાધુ અને બીજો નવા આવેલ સાધુમાંથી જાય. કહ્યું છે કે संभोइआ ते चेवत्ति; જો સાંભોગિકા એટલે એક સામાચારીવાલા સાધુઓ ત્યાં હોય તો ત્યાં રહેલ સાધુઓ જ ભિક્ષા લાવે છે. હવે સાંભોગિકની પાસે નવા આવેલ સાધુઓનો કોઈ ભક્ત શ્રાવક આવેલ હોય, અને તે એમ કહે કે મારે ઘેર સાધુને ગોચરી માટે મોકલો તો સાધુ કહે કે

---

૧૫૩૭માં ૨૧૯ પદ્યમાં રચેલા **યંત્રશિરોમણિ**[1] સહિત ઈ.સ. ૧૯૩૬માં સ્વૌદ યન્ત્રો સહિત છપાવાયો છે. એનું સંપાદન જોષી કૃષ્ણશંકર કેશવરામ રૈકવે ત્રણ હાથપોથીઓને આધારે કર્યું છે. એમણે સંસ્કૃતમાં પ્રસ્તાવના લખી એ દ્વારા આપણે ત્યાંના તેમજ ચીન, યુરોપ વગેરેના કેટલાક નામાંકિત ખગોળશાસ્ત્રીનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. વિશેષમાં એમણે સંસ્કૃતમાં વિસ્તારથી વિષયાનુક્રમ આપ્યો છે. આને લઈને આ પ્રકાશન મહત્ત્વનું બન્યું છે.

**યંત્રરાજ**— જૈ.ગ્રં. (પૃ. ૩૪૯)માં ૬૦૦ (છસો) શ્લોક જેવડી અને અજ્ઞાતકર્તૃક **યંત્રરાજ** નામની કૃતિની નોંધ છે. એ જો સટીક કૃતિનું પરિમાણ હોય તો એ પ્રસ્તુત **યન્ત્રરાજ** અને એની મલયેન્દુસૂરિકૃત ટીકા હશે એમ લાગે છે.

**યન્ત્રરાજ રચના પ્રકાર**—આના કર્તા સવાઈ જયસિંહ હોવાનો ઉલ્લેખ જૈ. ગ્રં. (પૃ. ૩૪૯)માં છે.

**યન્ત્રામ્નાય**— આ સંસ્કૃત કૃતિની નોંધ જૈ.ગ્રં. (પૃ. ૩૪૯)માં છે, શું એ પ્રસ્તુત વિષયની કોઈ અજ્ઞાતકર્તૃક કૃતિ છે? (ચાલુ)

૧ આ સાત 'મણિ'માં વિભક્ત છે: નરયંત્ર, જલયંત્ર, યંત્રરાજ, ચાપયંત્ર, તુરિયંત્ર, ફલિકા-યંત્ર, અને વંશવર્ણન, એમાં અનુક્રમે ૧૧૪, ૮, ૬૨, ૧૪, ૧૨, ૫ અને ૪ પદ્યો છે. આમ એકંદર ૨૧૯ પદ્યો છે. ચાપયંત્ર અને તુરિયંત્રનું નિરૂપણ મહેન્દ્ર-સૂરિકૃત **યન્ત્રરાજ** સાથે સરખાવાય તેમ છે.

૨ આ યન્ત્રો શેને શેને લગતાં છે તેનો અહીં ઉલ્લેખ નથી. યંત્રરાજને અંગેનું યંત્ર પિત્તળ ઉપર કોતરાએલું મળતું હતું. આજે પણ કદાચ મળતું હશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિં રહેલ સાધુજ ગોચરીને માટે આવશે, એમ કહ્યા છતાં શ્રાવક ઘણો આગ્રહ કરે તો "वत्थव्वेणं" ત્યાં રહેલ એક સાધુની સાથે જવું જોઇએ. કારણ કે ત્યાં રહેલ સાધુજ વસ્તુ ઓછીવત્તી લેવામાં પરોણા સાધુઓને પ્રમાણભૂત હોય છે. આ પ્રમાણે અહીં ઓઘનિર્યુક્તિ સૂત્રની ટીકાનો અર્થ સંક્ષેપમાં આપેલ છે તેનો વિચાર કરીને પ્રાઘુર્ણક વિધિ જાણવી, વળી આ વિધિ એક સામાચારીવાલા સાધુને આશ્રયીને કહેલ છે, ભિન્ન સામાચારીવાલા સાધુઓને તો પાટ-પાટલાદિવડે નિમંત્રણ કરવું, આહાર પાણીવડે નહીં, આ પ્રમાણે આચારંગ સૂત્ર, બીજો શ્રુતસ્કંધ, સાતમું અધ્યયન, પહેલા ઉદ્દેશાની ટીકામાં કહ્યું છે-

असांभोगिकान् पीठफलकादिना उपनिमंत्रयेत् यतस्तेषां तदेव पीठफलकादि संभोग्यं नाऽशनादिकमिति।

**ભાવાર્થ:**—ભિન્ન સામાચારીવાલા સાધુને પાટ પાટલા આદિ વડે નિમંત્રણ કરે કારણ કે તેમને તે જ વાપરવા યોગ્ય હોય છે, અશનાદિક નહિ.

**પ્ર૦ (૮૪)**—સાધુ અને સાધ્વીઓ રાત્રિમાં ઉપાશ્રયના દ્વાર બંધ કરે કે નહીં ?

**ઉ૦**—સાધ્વીઓ રાત્રિમાં અવશ્ય વસતિના દ્વાર બંધ કરે છે, જિનકલ્પી સાધુઓ વસતિના દ્વાર સર્વથા બંધ કરતા નથી. સ્થવિરકલ્પીઓ કારણે યતનાવડે રાત્રિમાં વસતિના દ્વાર બંધ કરે છે. બૃહદ્ કલ્પભાષ્યની ટીકામાં કહ્યું છે કે-

"साध्वीभिः निशि अवश्यं कपाटादिना वसतिद्वारं स्थगनीयं, अन्यथा प्रायश्चित्ताऽऽपत्तेः" जिनकल्पिकास्तु सर्वथा द्वारं नैव स्थगयंति, निरपवादानुष्ठानपरत्वात् तेषां, तथा च जिनानां भगवतां इयं आज्ञाऽस्ति यत् स्थविरकल्पिकाः कारणे यतनया द्वारं स्थगयंति,

આનો અર્થ ઉપર આવી ગયેલ છે.

**શંકા**—જેને લીધે વસતિના દ્વાર બંધ કરવામાં આવે તે કારણ શું છે ?

**સમાધાન**-पड़िणीअ तेण सावय उब्भामग गोण साणणप्पवज्ज ।। सीयं व दुरहियासं दीहा पक्खी वा सागरिए ।। १ ।।

**ભાવાર્થ:**—ઉપાશ્રયના દ્વાર ઉઘાડા હોય તો વિરોધી માણસ પ્રવેશ કરીને હણે અથવા નાશ કરે, ઉપધિચોર અથવા શરીરચોર પ્રવેશ કરે, એવી રીતે સિંહ, વાઘ વિગેરે જાનવરો, પરસ્ત્રીગમન કરનારા, ગાય, બળદ, કુતરા પ્રવેશ કરે "ज्ञप्पज्जत्ति" વ્યગ્રચિત્ત પરવશમનવાલો સાધુ દ્વાર ખુલ્લા હોય તો નીકળી જાય, અસહ્ય હિમ જેવી શીત ઠંડી પડે, સર્પ, કાગડો, કબુતર પ્રવેશ કરે, કોઇક ગૃહસ્થ ઉપાશ્રયનું દ્વાર ખુલ્લું જોઇને પ્રવેશ કરીને સુવે અથવા વિશ્રાંતિ લે, ઉપર જણાવેલ કારણે સ્થવિરકલ્પીઓ વસતિના દ્વાર યતનાવડે બંધ કરે છે.

"एक्केक्कम्मि उ ठाणे चउरो मासा हवंति उग्घाया ।।" आणाइणो य दोसा विराहणा संजमायाए ।। १ ।।

**ભાવાર્થ:**—ઉપર કહેલા એક એક સ્થાનમાં ચતુર્માસ ઉદ્ઘાત પ્રાયશ્ચિત્ત આવે અને આજ્ઞાભંગ અને સંયમ અને આત્મવિરાધનાના દોષો લાગે. ॥ ૮૪ ॥

**પ્ર૦ (૮૫)**—સાધુઓ ઘણા દિવસે ઉલ્લંઘન કરવા યોગ્ય માર્ગમાં કંઇપણ ભાતું સાથે ગ્રહણ કરે કે નહિ ( એટલે ગૃહસ્થ પાસે રખાવે કે નહિ )?

**ઉ૦**—ઉત્સર્ગથી સાધુઓ ભાતું સાથે ગ્રહણ કરે નહિ, અપવાદથી ગ્રહણ કરે છે (એટલે માણસ પાસે રખાવે છે) અપવાદ માર્ગે ગ્રહણ ન કરે તો (માણસ પાસે ન રખાવે તો) પ્રાયશ્ચિત્ત આવે. બૃહદ્ કલ્પભાષ્યમાં કહ્યું છે-"अग्गहणे कप्पस्स उ, इत्यादि छिन्ने अच्छिन्ने वा पथि यदि अध्वकल्पं न गृह्णंति तदा चतुर्गुरवः **ભાવાર્થ**-ઘણા દિવસે ઉલંઘન કરવા યોગ્ય ચાલુ અને અચાલુ માર્ગમાં અપવાદે ભાતું ગ્રહણ ન કરે તો (એટલે માણસ પાસે ન રખાવે તો) ચતુર્ગુરુ (ઉપવાસ) પ્રાયશ્ચિત્ત આવે, સંયમ અને આત્માવરાધના થાય, જો બધા એ પુરુષો સંઘયણ ધૃતિ બલવાલા હોય તો સાથે ભાતું ગ્રહણ કરે નહિ ॥૮૫॥

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनन्दघनजी के तीन नवीन प्राप्त पद

लेखक : श्री अगरचंदजी नाहटा

श्वेताम्बर जैन आध्यात्मिक कवियों में योगीराज आनन्दघन का स्थान सर्वोपरी है। उनकी रचनाओं में तो केवल चोवीसी के २२ स्तवन और फुटकर बहुत्तरी पद ही मिलते है पर उनका अर्थ बहुत ही गंभीर है। चोवीसी पर तो प्राचीन बालावबोध–भाषा टीकाऐं भी कई मिलती है और वर्तमान में भी कई लेखकोंने उनका विवेचन लिखा और वह प्रकाशित हो चुका है। उपाध्याय यशोविजयजी की रचनाओं की एक प्राचीन सूचीमें आनंदघनजी के २२ स्तवनों पर उनके रचे गये बालावबोध का भी उल्लेख है पर अभी तक उसकी कोई भी प्रति नहीं मिली। दूसरा बालावबोध ज्ञानविमलसूरि का है वह साधारण सा है और वह छप चुका है। तीसरा महत्वपूर्ण बालावबोध लघु आनन्दघन योगीराज ज्ञानसारजीने संवत् १८६६ में ३७ वर्षो के मनन के पश्चात् किशनगढ में लिखा। यद्यपि इनके नाम से संक्षिप्त विवेचन भीमसी माणक ने छपाया है पर वास्तव में मुद्रित अंश की भाषा बदल दी गई है और मूल बालावबोध को बहुत संक्षिप्त कर दिया गया है। ज्ञानसारजी के इस बालावबोध की एक प्रति हमारे संग्रह में और एक यहां के बड़े ज्ञानभंडार में है उसका परिमाण ३८५० श्लोकों का है। उसको पूर्ण रूप से प्रकाशित होने पर आधुनिक विवेचकों का काम बहुत सरल हो जायगा। आधुनिक विवेचकों में प्रभुदास पारेख, स्थानकवासी मुनि गब्बूलालजी, डाक्टर भगवानदास के आदि विवेचन छप चुके हैं। संतबालजी लिखित विवेचन अभी छपा नहीं है। इसी प्रकार हिंदी में श्री उमरावचंदजी दरगड़ ने जो भावार्थ लिखा है वह भी अप्रकाशित है।

आनन्दघनजी के पदों के संग्रह का नाम तो बहत्तरी प्रसिद्ध है, पर पदों की संख्या ११२ तक पहुंच गई है। वास्तव में वे सभी आनन्दघनजी के ही रचित नहीं है। सुखानंद, कबीर, दयानन्द आदि अनेक कवियों के पद भी उनके नाम से प्रचारित हो गये है। हमने आनन्दघन की व पदों की प्राचीन हस्तलिखित प्रतियों की तलाश की, तो सब से प्राचीन प्रति में ६५ पद मिले, उसके बाद की प्रतियों में ७५, ७७, ८४ तक पद लिखे हुए मिलते है। कुछ प्रतियों में प्रकाशित पदों के अतिरिक्त भी एक ही पद मिलें है, यद्यपि भाषा और भावों को देखते हुए वे सभी पद आनन्दनजी के नहीं लगते। अभी पदों की प्राचीन प्रतियों का अन्वेषक कार्य हमारा चालू है, प्रकाशित पद्यों के पाठ में भी बहुत गड़बड़ी है, उसका संशोधन भी प्राचीन प्रतियों के आधार से ही कीया जायगा। जिस किसी सज्जन को चोवीसी और पदों की प्राचीन प्रति प्राप्त व ज्ञात हो, हमें सूचित करने का अनुरोध है।

पदों पर प्राचीन बालावबोध केवल ज्ञानसारजी ने ही लिखना प्रारंभ किया था, पर सम्भवतः वे पूरा नहीं कर पाये। हमें उसकी जो दो तीन प्रतियां मिली उनमें केवल १४ पदों का ही विवेचन मिला है। श्री मोतीचंद कापड़िया के उल्लेखानुसार ३५ पदों के विवे-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चनवाली प्रति भी अभी कहीं प्राप्त है। यदि किसी सज्जन को आनन्दघनजी के पदों के बालावबोध की वह भी अन्य कोई पूरी प्रति कहीं प्राप्त हो तो उसकी भी सूचना हमें दी जाय।

पदों के आधुनिक विवेचन श्री बुद्धिसागरसूरि का पूरा और श्री मोतीचंद कापड़िये का करीब आधे पदों का एक खंड प्रकाशित हुआ था उसके बाद श्री जैन धर्म प्रकाश में अवशिष्ट कई पदों का (उनका किया हुआ विवेचन) छपा था जो सायद उन्होंनें तो सभी पदों का लिख लिया होगा, अतः महावीर जैन विद्यालय–बम्बई के कार्यकर्ताओं को आनन्दघन पद-रत्नावली का दूसरा भाग शीघ्र प्रकाशित करना चाहिये। हिंदी में मेरे मित्र उमरावचंदजी दरगड़ ने जो पदों का विवेचन लिखा है उसे शीघ्र ही प्रकाशित किया जायगा।

आनन्दघनजी के पदों की एक पुरानी प्रति दिल्ली के दिगम्बर भंडार से अभी मिली है, उसमें पूर्व प्राप्त पदों को लिखने के बाद ३ पद और नये लिखे मिले हैं, उनको नीचे दिया जा रहा है। अभी तक यह पद अन्य किसी प्रति में देखने में नहीं आये।

१ राग–रामगिरी

प्रिय माहरो जोसी हुं प्रियरी जोसणी,
कोई पडोशण पूछो जोस।
जे पूछौ ते सगलौ कहिसी,
सांसो रहने रहै कोई सोस ॥ १ ॥ पि०
तन धन सहज सुभाव विचारे,
ग्रह युति दृष्टि विचारो तोस।
शशि दिसी काल कलाचल धारै,
तत विचारी मनि ताणे रोस ॥ २ ॥ पि०
सोण निमित्त सुर विद्या साधै,
जीव धातु मूल फल कोस।
सेवा पूजा विधि आराधै,
परगासै आनन्दघन कोस ॥ ३ ॥ पि०

२

दग्यो जू महा मोह दावानल,
उवरुं पार ब्रह्म की ओट।
कृपा कटाक्ष सुधा रसधारा,
वेसै विषम काल कालकी चोट ॥१॥ दग्यो०
अगज अनेक करि जीय बाँधो,
दूतर दरप दूरित की पोट।
चरण शरण आवत तन मन की,
निकसी गई अनादि की खोट ॥२॥ दग्यो०
अब तो गहे भाग बड़ पायौ,
परमारथसु नात्र दृढ़ कोट।
निरमल मांनि सांच मेरी कही,
आनन्दघन घन सदा अतोट ॥३॥ दग्यो०

३ राग–आशा

कुण आगलि कहुं खाडुं मांठुं,
राम सनेहीनुं मुखडुं न दीठुं।
मन विसरामीनुं मुखडुं न दीठुं,
अन्तरजामीनुं आतमरामीनुं ॥ टेक
जे दीठा ते लागइ अनीठ,
मनमान्यां विणु किम कहुं मीठा।
धरणी आगास विचै नहीं दीठा ॥१॥ कु०
जोतां जोतां जगत विसेखुं,
उण उणिहारे कोई न देखुं।
अणसमज्युं किम माठुं लेखुं ॥२॥ कु०

For Private And Personal Use Only

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

**ચૌદપૂર્વ 'ઊણા'નો અપૂર્વ અદ્‌ભુત ખુલાસો**

"બીજો પ્રશ્ન-ચૌદ પૂર્વધારી કંઈ જ્ઞાને ઊણા એવા અનંત નિગોદમાં લાભે અને જઘન્ય જ્ઞાનવાળા પણ અધિકમાં અધિક પંદર ભવે મોક્ષે જાય એ વાતનું સમાધાન કેમ?" એનો ઉત્તર જે મારા હૃદયમાં છે તેજ જણાવી દઉં છું કે એ જઘન્ય જ્ઞાન બીજું અને એ પ્રસંગ પણ બીજો છે. જઘન્ય જ્ઞાન એટલે સામાન્યપણે પણ મૂળ વસ્તુનું જ્ઞાન, અતિશય સંક્ષેપમાં છતાં મોક્ષના બીજરૂપ છે. એટલા માટે એમ કહ્યું. અને એક દેશે ઊણું એવું ચૌદ પૂર્વધારીનું જ્ઞાન તે એક મૂળ વસ્તુના જ્ઞાન સિવાય બીજું બધું જાણનાર થયું; પણ દેહદેવળમાં રહેલો શાશ્વત પદાર્થ જાણનાર ન થયું. અને એ ન થયું તો પછી લક્ષ વગરનું ફેંકેલું તીર લક્ષ્યાર્થનું કારણ નથી તેમ આ પણ થયું. જે વસ્તુ પ્રાપ્ત કરવા ચૌદ પૂર્વનું જ્ઞાન જિને બોધ્યું છે તે વસ્તુ ન મળી તો પછી ચૌદ પૂર્વનું જ્ઞાન અજ્ઞાનરૂપ જ થયું. અહીં દેશે ઊણું ચૌદ પૂર્વનું જ્ઞાન સમજવું. દેશે ઊણું કહેવાથી આપણી સાધારણ મતિથી એમ સમજાય કે ચૌદ પૂર્વને છેડે ભણી ભણી આવી પહોંચતાં એકાદ અધ્યયન કે તેવું રહી ગયું અને તેથી રખડયા, પરંતુ એમ તો નહીં. એટલા બધા જ્ઞાનનો અભ્યાસી એક અલ્પ ભાગ માટે અભ્યાસમાં પરાભવ પામે એ માનવા જેવું નથી અર્થાત્ કંઈ ભાષા અઘરી, અથવા અર્થ અઘરો નથી કે સ્મરણમાં રાખવું તેમને દુર્લભ પડે, માત્ર મૂળ વસ્તુનું જ્ઞાન ન મળ્યું એટલી જ ઊણાઈ, તેણે ચૌદ પૂર્વનું બાકીનું જ્ઞાન નિષ્ફળ કર્યું", એક નયથી એવી વિચારણા પણ થઈ શકે છે કે શાસ્ત્રો (લખેલાનાં પાનાં) ઉપાડવાં અને ભણવાં એમાં કંઈ અંતર નથી. જો તત્ત્વ ન મળ્યું તો બેયે બોજો ઉપાડયો, પાનાં ઉપાડયાં તેટલો કાયાએ બોજો ઉપાડયો, ભણી ગયા તેણે મને બોજો ઉપાડયો. પરંતુ વાસ્તવિક લક્ષાર્થ વિના તેનું નિરુપયોગીપણું થાય એમ સમજાય છે. જેને ઘેર આખો લવણ સમુદ્ર છે તે તૃષાતુરની તૃષા મટાડવા સમર્થ નથી; પણ જેને ઘેર એક મીઠા પાણીની વીરડી છે, તે પોતાની અને બીજા કેટલાકની તૃષા મટાડવા સમર્થ છે. અને જ્ઞાનદ્રષ્ટિએ જોતાં મહત્વનું તે જ છે."—

—શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૧૨૫

**ઉપસંહાર**

**સમકિત નવિ લહ્યું રે, એ તો રૂલ્યો ચતુર્ગતિમાંહે;**
**ત્રસ થાવરકી કરુણા કીની, જીવ ન એક વિરાધ્યો,**
**તીન કાળ સામાયિક કરતાં,**
**શુદ્ધ ઉપયોગ ન સાધ્યો.**

**—મહામુનિ શ્રી દેવચંદ્રજી**

**પરમ દુર્લભ સમ્યગ્‌દર્શનનો મહામહિમા**

હે ભગવન્! આ સર્વ તાત્વિક મીમાંસા પરથી સુપ્રતીત થાય છે કે સામાન્યથી પણ આ દર્શન પરમ દુર્લભ છે એમાં આશ્ચર્ય નથી, તો પછી વિશેષનું તો પૂછવું જ શું? સમુદ્રમાં નષ્ટ થયેલી

---

कोहना कोहना घरमां जावुं,
कोहना कोहना नित गुण गावुं ।
जो आनन्दघन दरसण पावुं ।।३।। कु०

इतिभई । शुभं भवतु लेखकपाठकयोः ।।श्री।।

इन तीन पदों के पहले आनन्दघनजी के प्रसिद्ध पद लिखे हुए है, उनके अंत में लिखा है।

इति श्री आनन्दघन प्रभु जोगिंद्र कृत गीतं संपूर्णम् ।

इन पदों के लेखन का समय यद्यपि यहाँ नहीं दिया गया पर इसी गुटके की अन्य रचनाएं सं. १७५१ से ५५ के बीच की लिखी हुई होनें से पदों का लेखनसमय भी वही समझना चाहिए

રત્નની પ્રાપ્તિ કદાચિત્ સુલભ હોય, પણ ભવસમુદ્રમાં આ સમ્યગ્દર્શન રત્નની પ્રાપ્તિ પરમ દુર્લભ છે. ચિંતામણિ રત્નની અથવા કલ્પવૃક્ષની પ્રાપ્તિ કવચિત્ સુલભ હોય, પણ આ સમ્યગ્દર્શનરૂપ અચિંત્ય ચિંતામણિ અને અકલ્પ્ય કલ્પવૃક્ષની પ્રાપ્તિ પરમ દુર્લભ છે. કહેવાતું અમરપણું અર્પનારા અમૃતની પ્રાપ્તિ કદાપિ સુલભ હોય, પણ સાચું અજરામર પદ અર્પનારા આ સમ્યગ્દર્શન પરમામૃતની પ્રાપ્તિ સદા પરમ દુર્લભ છે. આ અવનિ પરના અમૃત-આ સમ્યગ્દર્શન પરમામૃતનો સુધારસ ચાખ્યો નથી, તેથી જ આ જીવ સંસારમાં પુનઃ પુનઃ મૃત અવસ્થા પામ્યો છે. પરમ હિતસ્વી આ સમ્યગ્દર્શન કલ્યાણ-મિત્રનો વિરહ રહ્યો છે, તેથી જ આ જીવ ચારે ગતિમાં અને ચોરાશી લાખ યોનિમાં નવા નવા લેબાસ ધરી પુનઃ પુનઃ પરિભ્રમણ દુઃખ પામ્યો છે. કારણ કે નહિં તો સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તેનો સંસાર પરિત્ત (Limited) થઈ જાય છે; સમ્યક્ત્વ આવ્યા પછી વમે તો વધારેમાં વધારે અર્ધ પુદ્ગલ-પરાવર્ત્ત સંસાર હોય; અને ન વમે તો વધારેમાં વધારે પંદર ભવે અથવા ત્રણ ભવે કે તેજ ભવે પણ મોક્ષ પામે, માટે 'ત્રણે કાળમાં, ત્રણે લોકમાં *સમ્યક્ત્વ સમું પ્રાણીનું કંઈ શ્રેય નથી અને મિથ્યાત્વ સમું કંઈ અશ્રેય નથી. આમ ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષ કરતાં અધિક અથવા મહામહિમા-વાન્ અને પરમ દુર્લભ્ય સમ્યગ્દર્શનનો મહિમા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની મહાત્માઓએ મુક્ત કંઠે ગાયો છે.

## દર્શનસ્તુતિ : મુમુક્ષુની સમ્યગ્દર્શન ભાવના

અને એટલા માટેજ હે ભગવન્! આત્માર્થી મુમુક્ષુ જોગીજન આ સમ્યગ્દર્શનની અત્યંત દુર્લભતા ચિંતવી, નિરંતર તેની ઝંખના કરતાં, આમ આ સર્વના સારસમુચ્ચયરૂપ 'દર્શન સ્તુતિ* ભાવે છે.

* "न सम्यक्त्वसमं किंचित्त्रैकाल्ये त्रिजगत्यपि ।
श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनूभृताम् ॥"
—શ્રી સમંતભદ્રાચાર્યજી

"तुह सम्मत्ते लद्धे चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥"
—શ્રી ભદ્રબાહુસ્વામીજી

* આ લેખક-વિવેચકે રચેલું 'દર્શનસ્તુતિ' કાવ્ય આ લેખકની કૃતિ પ્રજ્ઞાવબોધમોક્ષમાળામાં (પાઠ ૮૭) છપાયેલ છે; તેનો ભાવાર્થ અત્રે પ્રસંગાનુરૂપ હોઇ ભાવ્યો છે; અને મૂળ કાવ્ય આ રહ્યું:—

( માલિની વૃત્ત )

ચતુરગતિ ભમંતાં ના મળ્યો મિત્ર! ક્યાંઈ,
કઈ ગહન ગુહામાં તું ગયો'તો લપાઈ?
અબ તુજ કંઇ ઝાંખી અંતરે મેં નિહાળી,
દરશન હિતકારી! વંદના નિત્ય મ્હારી. ૧

તુજ પરમ કૃપાથી દેહના મ્યાનમાંથી,
અસિ ચિનમય જ્યોતિરૂપ મેં બ્હાર કાઢી;
ચમકતી અનુભૂતિ ધારથી નિત્ય સારી. દરશન૦

ક્ષીર નીર શું વિવેચી આત્માને ભિન્ન દીઠો,
અનુભવ પય પીયો આત્મહંસે સુમીઠો;
અનુગ્રહ સહુ તારો મિત્ર કલ્યાણકારી દરશન૦

સુચિરથી ભવહેતુ જ્ઞાન અજ્ઞાન થાતું,
ક્ષણમહિં વટલાવી નાંખતો તે સખા! તું
ભવનિવૃત્તિરૂપે તે કીધ સંસારહારી. દરશન૦

ભવજલનિધિથી હું ના હવે તો ડરૂં છું,
ગઉપદ શું લીલાથી તુજ સ્હાયે તરૂં છું;
નચિંત થઇ રહ્યો છું હું મહામોહ મારી, દરશન૦

તુજ દરિશન પામ્યો તે કલિકાલ ધન્ય,
સુભગ પણ મને શું કામનો કાળ અન્ય?
ભવ રણ વીરડી તું આપતી મિષ્ટ વારિ. દરશન૦

ભૂલચૂકથી કરી કો સંગ ત્હારો કદાપિ,
કુમતિથી પછી છોડે, તું ન છોડે તથાપિ;
પરમ પદ પમાડ્યા વિણ ના જંપધારી! દરશન૦

કલપતરૂ મહિમા તુચ્છ છે તુજ પાસે,
અણમૂલ મણિ ચિંતારત્ન ઝાંખું જ ભાસે;
સુરઘટ સુરધેનુ કીર્ત્તિ તેં મંદ પાડી. દરશન૦

દરિદ્રપણું જ સારૂં તુજ સંયોગવાળું,
ચક્રવરતિપણું ના તુજ વિયોગવાળું;
ભવ ભવ મુજ હોજો સંગતિ મિત્ર! તારી. દરશન૦

કદી પણ ન બુઝાતો સ્થિર તું રત્નદીવો,
મુજ મન પ્રગટેલો હે ચિરંજીવ! જીવો!
જય જય ભગવાન્ હે મોહ અંધારહારી!
દરશન હિતકારી! વંદના નિત્ય મારી. દરશન૦

—પ્રજ્ઞાવબોધમોક્ષમાળા-ડૉ. ભગવાનદાસકૃત

હે મિત્ર સમ્યગ્દર્શન ! તારી [illegible] ન હતો ! [illegible] ! તું [illegible] કુંચી [illegible] ? [illegible] મેં તારો [illegible] અંતરનાં નિધાન [illegible] છે. માટે હે પરમ દુર્લભ પરમ હિતકારી મિત્ર દર્શન ! તને મારી સદા વંદના છે. તારી કૃપાથી હે મિત્ર ! મેં કેવલ [illegible] ચિન્મય [illegible] (તલવાર) [illegible] છે, કે જે આત્મસ્વરૂપની [illegible] અત્યંત [illegible] રહી છે. આવો કૃપાપ્રસાદ કરનારા હે હિતકારી દર્શન ! તને મારી સદા વંદના છે. હે સમ્યગ્દર્શન દેહની સાથે ક્ષીરનીરવત્ રહેલા આત્માને ક્ષીર-નીર જેમ વિવેચીને સાચા આત્મ-હંસે દેહથી તત્ત્વથી ભિન્ન દીઠો અને અત્યંત મીઠું અનુભવ-પય પીધું. હે કલ્યાણકારી કલ્યાણમિત્ર ! આ સર્વ તારો અનુગ્રહ છે, માટે હિતકારી દર્શન ! તને મારી સદા વંદના છે. અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું, તેને એક સમય માત્રમાં જાત્યંતર કરી વટલાવી નાંખી (Convert) તેં ભવનિવૃત્તિરૂપ કર્યું, એવા સંસારહારી હે હિતકારી દર્શન ! તને મારી સદા વંદના છે. હવે હું આ ભવજલનિધિથી ડરતો નથી અને તારી સહાયથી આ ભવસાગરને ગોષ્પદની જેમ લીલા માત્રમાં તરું છું, મહામોહ પરમ રિપુને મારી નાંખી હું નિશ્ચિંત થઈને રહ્યો છું,–આ બધું જેના પ્રભાવથકી બનવા પામ્યું છે એવા હે પરમદુર્લભ–હિતકારી દર્શન ! તને મારી સદા વંદના છે. હે દર્શન ! તારું દર્શન હું જ્યાં પામ્યો તે આ કલિકાળ ધન્ય છે ! અન્ય કાળ ભલે સુભગ રૂડો હોય તો પણ મને શું કામનો ? આ સંસાર-રણમાં તું જ એક મીઠું જલ આપનાર 'મીઠા પાણીની વીરડી' છે, માટે હે હિતકારી દર્શન ! તને મ્હારી [illegible] છે, [illegible] હે દર્શન મિત્ર ! તું [illegible] નથી ! [illegible] તને [illegible] સમ્યગ્દર્શનને [illegible] મોહ પુદ્ગલ-પરાવર્ત્તનો પરમ પદ પમાડનાર મિત્ર તું [illegible] નથી ! [illegible] હે હિતકારી દર્શન ! તને મારી સદા વંદના છે. હે પરમ દુર્લભ બોધિરત્ન ! તારી પાસે કલ્પતરુનો મહિમા તુચ્છ છે, પામર છે; અમૂલ્ય ચિંતામણિરત્ન પણ ઝાંખું લાગે છે; કામઘટ અને કામધેનુની કીર્તિને પણ તેં મંદ-ઝાંખી પાડી નાંખી છે ! એવા હે અખિલ મહિમાવંત હિતકારી સમ્યગ્દર્શન ! તને મારી સદા વંદના છે. તારા સંયોગવાળું દરિદ્રપણું સારું, પણ તારા વિયોગવાળું ચક્રવર્તીપણું પણ નહિ સારું, માટે હે મિત્ર ! મને ભવોભવ તારી સંગતિ હોજો ! હે હિતકારી દર્શન ! તને મારી સદા વંદના છે. કદી પણ ન બૂઝાતો એવો તું સ્થિર પ્રકાશનારો રત્નદીપક છે, તે તું મારા મનમાં પ્રગટ્યો છે તે ચિરંજીવ રહે ! સદા જીવંત રહે ! મોહ અંધકારને હરનારા હે ભગવાન્ સમ્યગ્દર્શન ! તું જય પામ ! જય પામ ! એમ ભગવાન્નો આ દાસ પ્રાર્થે છે. હે પરમ દુર્લભ હિતકારી દર્શન ! તને મારી સદા વંદના છે.

આમ મુમુક્ષુજન નિરંતર ભાવે છે, તે હે ભગવન્ ! અભિનંદન જિન ! અમે પણ નિરંતર તમારા દર્શનને ઝંખીએ છીએ અને તેથી જ પદે પદે પોકારીએ છીએ કે–

**'અભિનંદન જિન દરિસણ તરસિયે.'**

**(અપૂર્ણ)**


## સ્વાધ્યાયરત્નાવલી

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા. ૧–૪–૦ પોસ્ટેજ અલગ. **લખો:–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

## પુસ્તકોની પહોંચ

૧. શ્રી હિતશિક્ષા-છત્રીશી ( વિવરણ સહિત )—વિવરણકર્તા-પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, પ્રકાશક-શ્રી જૈન સાહિત્યવર્ધક સભા. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ આશરે ૨૬૦, પાકું બાઈન્ડીંગ, મૂલ્ય રૂા. સવા.

પંડિતપ્રવર કવિશ્રી વીરવિજયજી મહારાજશ્રીએ લોકહિતાર્થે જે અનેક કૃતિઓ રચી છે તેમાં આ "હિતશિક્ષા – છત્રીશી" ની ગણના પ્રધાનપદે થાય છે. તે સમયના દેશ-કાળને અનુલક્ષીને દર્શાવવામાં આવેલ આ શિખામણો, આજે એટલું જ મહત્વનું સ્થાન ધરાવે છે, તે કવિશ્રીની સમયજ્ઞતાની સાક્ષી પૂરી રહ્યું છે. એક રીતે આ પુસ્તકને "શિખામણોનો ભંડાર" કહી શકાય.

કવિશ્રીની આ રચના ઉપર જાણીતા વિદ્વાન અને સિદ્ધહસ્ત લેખક પં. શ્રી ધુરંધરવિજયજીએ વિવરણ લખીને આ રચનાના રહસ્યને અત્યંત ઓજસ્વી બનાવ્યું છે. પ્રસંગે પ્રસંગે કથાનકો- સંક્ષિપ્ત દૃષ્ટાંતો વિગેરે આપી આ સફળ કૃતિને રસમય બનાવી છે. સર્વપ્રથમ તો પં. શ્રી મહારાજશ્રીએ **"શ્રી જૈન ધર્મ પ્રકાશ"** માસિકમાં લેખમાળારૂપે આ કૃતિનું લખાણ શરૂ કરેલ, જે વાચકવર્ગને અત્યંત પસંદ પડવાથી પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. શ્રી વૃદ્ધિ- નેમિ- અમૃત- ગ્રંથમાળાના પાંત્રીસમા મણકા તરીકે પ્રસિદ્ધ થયેલ આ પુસ્તક આવકારદાયક તેમજ વસાવવા યોગ્ય છે.

**૨. અમી ઝરણાં**—વ્યાખ્યાતા મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ. પ્રકાશક મોરબી જૈન તપગચ્છસંઘ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૧૨૫, પાકું બાઈડીંગ. મૂલ્ય રૂા. એક.

પૂ. મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ સારા વક્તા તેમજ વ્યાખ્યાતા છે. તેમની વાણીમાં હંમેશાં વૈરાગ્ય ઝરતો હોય છે. મોરબીના ચાતુર્માસ દરમિયાન તેઓશ્રીએ જે પ્રવચનો કરેલા તેનો આ પુસ્તકરૂપે સંગ્રહ છે. દરેક વ્યાખ્યાનો હૃદયને સ્પર્શી જાય તેવા છે. પ્રકાશક મોરબી સંઘનો આવો પ્રયાસ પ્રશંસનીય છે, જે ઇતર જનસમાજને પણ લાભનું કારણ બને છે.

**૩. द्वात्रिंशद्द्वात्रिंशिका: ( चतुर्थी द्वात्रिंशिका )**—મહાન્ તત્વજ્ઞ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીએ બત્રીશ બત્રીશીઓ રચેલી, તે પૈકી આ ચોથી બત્રીશી છે. ગહન અર્થને સ્પષ્ટ કરવા માટે તે બત્રીશી પર કવિરત્ન શાસ્ત્રવિશારદ આ. શ્રીમદ્ વિજયલાવણ્યસૂરિજીએ કિરણાવલી નામની ટીકા રચી છે. તેના સંપાદક પં. શ્રી સુશીલવિજયજી ગણિવરનો આ પ્રયાસ અભ્યાસીઓ માટે ઉત્તમ છે. વોરા ત્રિભોવન કાળીદાસની સહાયથી, શ્રી વિજયલાવણ્યસૂરિ જૈન જ્ઞાનમંદિર-બોટાદ તરફથી આ લઘુ પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.

**૪. અનેકાંતવાદ મહાત્મ્યવિંશિકા**—મૂળ પ્રણેતા ન્યા. ન્યા. શ્રી યશોવિજયજી મહારાજ. ભાવાર્થકાર-પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય. પચાસ પાનાની પુસ્તિકાની કીંમત ચાર આના.

અનેકાંતવાદના રહસ્યને સુગમ રીતે જાણવા માટે આ પુસ્તિકા ઉપયોગી છે. સ્યાદ્વાદનો સિદ્ધાંત કેટલો સ્વપરઉપકારક છે, તે આ લઘુ પુસ્તિકામાં દર્શાવવામાં આવેલ છે.

મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ-સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.